મહત્તમ : ૩૧.૫ ડીગ્રી
લઘુતમ : ૧૨.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૬ ટકા ● સાંજે ૩૭ ટકા
ગાંધીનગર તાપમાન

કોરોના ઘટતા શહેરના બજારો ધમધમ્યા

શહેરમાં કોરોનાના કેસ ઘટતાં સમાજજીવન પૂર્વવત બનવા લાગ્યું : વેપાર-વ્યવસાય અને શૈક્ષણિક પ્રવૃત્તિ પણ જોરશોરથી આરંભાઈ

ગાંધીનગર, તા.૪

કોરોનાનો વ્યાપ ધીમે ધીમે ઘટી રહ્યો છે. શહેરમાં દિવસે દિવસે કોરોનાના કેસમાં ઘટાડો જણાઈ રહ્યો છે. તમામ ક્ષેત્રો પણ હાલ ધમધમતા બન્યા છે. માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળા શરૂ થઈ ગઈ છે અને પ્રાથમિક શાળાઓ પણ શરૂ થશે તેવી વાત ચર્ચામાં છે. સાથે કોલેજો પણ હવે વિદ્યાર્થીઓથી ભરાશે. પ્રાઈવેટ સેકટરમાં પણ વર્ક ફ્રોમ હોમ કલ્ચર ઓછુ થઈ રહ્યું છે. ઓફલાઈન કાર્યો શરૂ થઈ ગયા છે. શહેરની માર્કેટ પણ હવે શહેરીજનોની અવરજવરથી ભરાય છે શોપિંગ મોલ કે હોટલ રેસ્ટોરન્ટની મુલાકાતે પણ હવે શહેરીજનો સરળતાથી જઈ રહ્યા છે. આવી અનેક બાબતો જોઈ જણાઈ રહ્યું છે કે શહેરમાં અને શહેરીજનોને કોરોનાનો ડર હવે પહેલા જેટલો

નથી રહ્યો. ધીમે ધીમે કોરોનાનો ડર હવે વિસરાઈ રહ્યો છે. દરેક પોતપોતાની રૂટિન લાઈફ જીવતા થઈ ગયા છે. આ ઉપરાંત શહેરીજનો દ્વારા શિયાળામાં બનાવીને ખવાતા વસાણા, વિવિધ પીણાં સાથે વિટામીન સી ગ્રહણ કરી વ્યકિતના ઈમ્યુનિટીમાં વધારો કરાયો છે. જેને કારણે રોગ પ્રતિકારક શકિત પણ વ્યકિત દીઠ વધી છે આ સાથે કોરોનાની રસી શોધાઈ ગયા બાદ પણ શહેરીજનોએ રાહતનો શ્વાસ લીધો છે. ભીડભાડવાળી જગ્યાએ પણ શહેરીજનો નીડર બની હવે જઈ રહ્યા છે ત્યારે સેનિટાઈઝરનો ઉપયોગ પણ રેગ્યુલર થઈ રહ્યો છે. ધીમે ધીમે બાળકો અને વૃધ્ધો પણ કોરોનાને સરળતાથી લઈ પોતપોતાની ગમતી પ્રવૃત્તિ કરી રહ્યા છે શહેર જાણે કે ફરી ધમધમતું થયું છે.

જન્મદિને વધામણી

બળદેવભાઈ કે. સુથાર
મો. ૯૮૯૮૫૮૭૩૪૦

કુશાંગ શાહ

જય પી. પટેલ

વિશ્વરાજસિંહ ઘનશ્યામસિંહ ચાવડા
મો. ૭૬૯૮૬ ૫૦૦૧૨

જયકુમાર કમલેશભાઈ પટેલ

જૂહી વિપુલ શુકલા

શોભનાબેન શર્મા
મો. ૯૬૨૪૯૧૯૧૯૭

અક્ષરધામના તમામ વિભાગો શનિવારથી ખુલશે

આશરે ૧૧ મહિના બાદ વિશ્વવિખ્યાત લાર્જ ફોર્મેટ ફિલ્મ 'મીસ્ટીક ઈન્ડિયા' હવેથી દરરોજ જોવા મળશે
'સચ્ચિદાનંદ' વોટર શો, ઓડિયો એનિમેટ્રોનિક્સ શો, વિવિધ લાઈટ એન્ડ સાઉન્ડ શો સહિતના પ્રદર્શનો અને રાઈડ્સ વગેરે તમામ આકર્ષણો શરૂ

ગાંધીનગર, તા.૪

કોરોના મહામારીમાં જાહેર સ્વાસ્થ્યની જાળવણીના શુભ હેતુથી લાંબા સમય સુધી બંધ રહેલ અક્ષરધામના પ્રેરક પ્રદર્શનો આગામી શનિવાર તા: ૬ ફેબ્રુઆરીથી શરૂ થઈ રહ્યા છે. સારવાર અને રસીકરણને કારણે મહામારીનું જોર ઘટી રહ્યું છે ત્યારે ભગવાનના દર્શન અને સંદેશનું પાન કરવાથી ભાવિક ભકતોના આત્મવિશ્વાસ અને મનોબળમાં વૃદ્ધિ થશે એવી શુભ ભાવનાથી જગવિખ્યાત અક્ષરધામ મંદિરના તમામ વિભાગો પૂર્વવત શરૂ થઈ રહ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે મહામારીના વિકટ સંજોગોમાં બીએપીએસ સ્વામિનારાયણ સંસ્થા અને સ્વામિનારાયણ અક્ષરધામે અનેક સેવા પ્રવૃત્તિઓ દ્વારા સમાજના તમામ વર્ગોને રાહત પહોંચાડી હતી. જાહેર સ્વાસ્થ્યની જાળવણી માટેના સરકારશ્રીના આદેશો અને માર્ગદર્શિકાઓનું સચોટ પાલન કરવા સાથે તારીખ ૧લી ડીસેમ્બરથી ભગવાનના દર્શન અને સચ્ચિદાનંદ વોટર શો સહિત અક્ષરધામ મંદિરના કેટલાક મર્યાદિત વિભાગો શરૂ કરવામાં

આવ્યા હતા. એ વખતે અક્ષરધામ મંદિરના આયોજકોએ યાત્રાળુઓના સ્વાસ્થ્યની જાળવણી માટે તકેદારીના તમામ પગલાઓ લઈ એક દાખલો બેસાડયો હતો. અક્ષરધામ મંદિરના દર્શન માટેના આવા સુંદર આયોજન અને વ્યવસ્થાને નિહાળી યાત્રાળુઓ પણ સંપૂર્ણ સલામતી અને રાહત અનુભવતા હતા.

પાછલા બે મહિનાના આવા સફળતાપૂર્વકના અનુભવ બાદ અક્ષરધામ મંદિરના આયોજકોએ લીધેલા નિર્ણય અનુસાર આગામી શનિવાર તા : ૬ ફેબ્રુઆરીથી સ્વામિનારાયણ અક્ષરધામના તમામ વિભાગો સવારના ૧૧:૦૦ કલાકથી સાંજના ૭:૩૦ કલાક સુધી ખુલ્લા રહેશે. વર્ષોથી દેશવિદેશના દર્શનાર્થીઓ માટે ખાસ આકર્ષણનું કેન્દ્ર બની ગયેલ 'સચ્ચિદાનંદ' વોટર શો દરરોજ સાંજે ૬:૪૫ કલાકે યોજાશે. આ ઉપરાંત તમામ પ્રદર્શન ખંડો, રોગપ્રતિકારક શક્તિવર્ધક ઔષધીઓ અને પ્રેરક પુસ્તકો મેળવવા માટેના બુક સ્ટોલ, બાળકો-યુવાનો માટે રાઈડ્સ, સાત્વિક અને સ્વાદિષ્ટ ભોજન ઉપલબ્ધ કરાવતું પ્રેમવતી ઉપહાર ગૃહ પણ યાત્રિકોને આવકારવા સજ્જ થઈ ગયા છે. મહામારીના તણાવથી ત્રસ્ત અને હતાશ માનવી માટે અક્ષરધામનો સંપૂર્ણ આધ્યાત્મિક અનુભવ જરૂર સંજીવની સમો પૂરવાર થશે એવું શ્રદ્ધાળુઓનું માનવું છે.

ગાંધીનગરમાં સાફ સફાઈનો પ્રશ્ન વિકટ બન્યો છે. સફાઈ કર્મીઓ માત્ર મુખ્ય માર્ગો અન જાહેરસ્થળોની આસપાસ જ સાફસફાઈ કરતા હોય તેવું લાગે છે. સેકટર-૨૧ માં લક્ષ્મીબેકરીની પાછળના ભાગે મુકાયેલી કચરાપેટી આખી ભરાઈ ગઈ છે. આ કચરાપેટીના કારણે આસપાસ ખૂબ જ ગંદકી ફેલાઈ છે. ચારેબાજુ કચરો વિખેરાયેલો જોવા મળે છે.

સિવિલ સંકુલમાં સ્વજન ગૃહ ખાતે સ્વ. જગદીશ ઠકકરની પ્રતિમાનું અનાવરણ

ગાંધીનગર, તા.૪

શહેરના સિવિલ હોસ્પિટલ કમ્પાઉન્ડ સે-૧૨ ખાતે મુકતાગૌરી ચેરીટેબલ ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી વિભાબેન ઠકકર પરિવાર દ્વારા વર્ષોથી વિનામૂલ્યે ચાલતા અન્નક્ષેત્ર ભોજનાલયની જગ્યા પર નવનિર્મિત જગ જલિયામ ધામમાં જલારામબાપાની મૂર્તિ સહિત બાર જયોર્તિલિંગ, શેરોવાલી મા, રામ દરબાર, રાધે ક્રિષ્ના, હનુમાનજી અને ગણપતિની મૂર્તિની

પ્રાણપ્રતિષ્ઠા બુધવારના રોજ કરવામાં આવી હતી.

આ ઉપરાંત મોદીજીના ભૂતપૂર્વ પીઆરઓ જગદીશચંદ્ર ઠકકરના સ્ટેચ્યુનું અનાવરણ તેમના પૌત્ર દ્વારા કરવામાં આવ્યું. સળંગ ત્રણ દિવસ ચાલી રહેલ આ કાર્યક્રમમાં મંગળવારની રાત્રે જલારામબાપાની ભજન સંધ્યા યોજાઈ હતી. જેમાં વ્યવસ્થાપકો વિનોદ ઉદેચા અને પાર્થ ઠકકરનો ખૂબ સહયોગ રહ્યો હતો. બુધવારના રોજ પ્રાણપ્રતિષ્ઠાના દિવસે વિભાબેન જગદીશચંદ્ર ઠકકર અને પરિવાર સાથે પી.કે. લહેરી, ભોજલરામ બાપાના ગાદીપતી ભકિતરામબાપા, એન.કે. ચેરીટેબલ ટ્રસ્ટના ઉપપ્રમુખ શશી ઠકકર, સુધા ઠકકર, નૈષદ ઠકકર સાથે જલારામ યુવા સંગઠન અને જલારામ મહિલા મંડળ સે-૨૯ના હોદ્દેદારો અને કારોબારી સભ્યો સાથે શહેર અને રાજયમાંથી ઘણા મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

બી.સી.એ. કોલેજમાં 'સફળ ઉદ્યમીતા' વિષય પર વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા.૪

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કમ્પ્યુટર કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કમ્પ્યુટર સ્ટડીઝ-બીસીએ , ગાંધીનગર અને એસ. વી. ઈન્સ્ટિટ્યૂટ ઓફ કમ્પ્યુટર સ્ટડીઝના **Women Entrepreneurship Cell** દ્વારા **Entrepreneurship Awareness Workshop**નું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં કોલેજના **WEC** કો-ઓર્ડિનેટર પ્રો. જૈમિની કુલકર્ણીએ વિદ્યાર્થીઓને **Entrepreneurship** શું છે, તેને વિકસાવવા માટે ક્યાં પ્રકારની માનસિકતા કેળવવાની જરૂર પડે, વર્ક પ્લેસ કે ઉદ્યોગમાં



પણ ક્યાં પ્રકારની માનસિકતા કેળવવી પડે જેનાથી કોઈ પણ જગ્યાએ તમે સફળતા પ્રાપ્ત કરી શકો તેની માહિતી આપી હતી. તેઓના વ્કતવ્યમાં તેઓએ સફળ ઉદ્યોગ સાહસિક વ્યક્તિઓની રીતભાત અને જીવન શૈલી, કામ કરવાની ધગશ અને પોતાના કામ પ્રત્યેનું તેઓનું સમર્પણ કેવું હોય છે તેની વિસ્તૃત છણાવટ વિવિધ ઉદાહરણો દ્વારા વિદ્યાર્થીઓને આપી હતી. સાથે સાથે તેઓએ સફળ ઉદ્યોગસાહસિકોના જીવનની સામાન્ય જીવન પર પડતી પ્રભાવક અસરોની અસરકારક પ્રસ્તુતિ કરી હતી. અન્ય વકતા ડો. રિચા મહેતાએ કોલેજ દ્વારા પ્રતિ વર્ષ **WEC** દ્વારા કરવામાં આવતા સેમિનાર, વર્કશોપ અને વિવિધ પ્રોગ્રામ વિષે માહિતી પૂરી પાડીને દરેક વિદ્યાર્થીઓને વિવિધ પ્રવૃતિઓમાં ઉત્સાહભેર ભાગ લેવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.

આ વર્કશોપમાં બીસીએના પ્રથમ વર્ષના ૨૦૪ વિદ્યાર્થી ઉત્સાહભેર જોડાયા હતા. વર્કશોપનું આયોજન ડાયરેકટર પ્રો. રૂપેશ વ્યાસના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. જેને સફળ બનાવવા માટે પ્રો.બીજલ પરમાર અને પ્રો. પલક પટેલનો સંપૂર્ણ સહયોગ પ્રાપ્ત થયો હતો.

સરકારી વિજ્ઞાન કોલેજમાં ઓનલાઇન રંગોળી સ્પર્ધા યોજાઇ

ગાંધીનગર, તા.૪

સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગર માં તા. ૦૩/૦૨/૨૦૨૧ ના રોજ સમધારા અને **CWDC(Collegiate Women Development Cell)** દ્વારા 'બેટી બચાવો બેટી પઢાવો' થીમ પર ઓનલાઈન રંગોળી સ્પર્ધા યોજાઈ. જેમાં દીકરી અને ભણતરને અનુલક્ષીને બી.એસ.સી સેમેસ્ટર-૧ થી બી.એસ.સી સેમેસ્ટર-પની વિદ્યાર્થીની બહેનોએ સરસ રંગોળી બનાવેલ હતી. આ સ્પર્ધામાં પ્રથમ નંબરે કુ. ઉર્મિલા વાઘેલા (બી.એસ.સી સેમેસ્ટર ૧) અને કૂ. ખુશી પ્રજાપતિ (બી.એસ.સી સેમેસ્ટર ૧), દ્વિતીય નંબરે કુ.પ્રિયાશી ત્રિવેદી અને સરલા રાઠવા (બી.એસ.સી સેમેસ્ટર ૩) અને તૃતીય નંબરે કૂ. જાનવી પરમાર (બી.એસ.સી સેમેસ્ટર ૧) અને કુ. અનુશા મૈત્રેય(બી.એસ.સી સેમેસ્ટર ૫) વિજયી બનેલ હતા. નિર્ણાયક તરીકે ડો. યોગીતા પરમારએ (ગણિતશાસ્ત્ર વિભાગ) ફરજ નિભાવી હતી. આ સમગ્ર કાર્યક્રમ સમધારાના અધ્યક્ષ કે.બી.પટેલ અને **CWDC(Collegiate Women Development Cell)** ના અધ્યક્ષ ડૉ. કિરણ નિમાવત ના માર્ગદર્શનથી સફળ રીતે પૂર્ણ થયેલ હતો. વિજેતા સ્પર્ધકોને આચાર્યશ્રી ડૉ. એમ. જી. ભટ્ટ સર અને કોલેજ પરિવારે અભિનંદન પાઠવેલ હતા.



ગાંધીનગર જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા શિક્ષક સહાય યોજના અંતર્ગત સન્માન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર જિલ્લા પ્રાથમિક શક્ષક સંઘની કારોબારી સભા તા. ૨ ફેબ્રુઆરીના રોજ જિલ્લા શિક્ષક ભવન ખાતે યોજાઈ હતી. જેમાં સન્માન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ સન્માન કાર્યક્રમ ગુજરાત રાજય પ્રાથમિક શિક્ષક સંઘના પૂર્વ મહામંત્રી બળદેવભાઈ ચૌધરીની અધ્યક્ષતામાં યોજવામાં આવ્યો હતો. જેમાં પૂર્વ મંત્રી ગુણવંતભાઈ પટેલ તથા પૂર્વ મંત્રી રમણભાઈ પટેલ તથા પૂર્વ મહામંત્રીઓ મહેન્દ્રભાઈ પટેલ, સુભાષભાઈ ગોસ્વામી તથા તમામ જિલ્લા-તાલુકાના હોદ્દેદારો, કારોબારી સભ્યો અને સન્માનિત શિક્ષકો, સંતાનો વિગેરે ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યમકમાં શિક્ષણ સહાય યોજન અંતર્ગત શિક્ષકોને સહાય આપવામાં આવી હતી. આ ઉપરાંત એવોર્ડ મેળવનાર શિક્ષકોને મોમેન્ટોથી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં પ્રાસંગિક પ્રવચનમાં ગુણવંતભાઈ પટેલ-પૂર્વ મંત્રી દ્વારા જિલ્લા સંઘ દ્વારા જે શિક્ષક સહાય યોજના ચલાવવામાં આવે છે તેની કામગીરીને બિરદાવવામાં આવી હતી અને સંગઠનને આજના સમયમાં વધુ મજબૂત બનાવવાની પણ હાકલ કરવામાં આવી હતી. ત્યારબાદ કાર્યક્રમના અધ્યક્ષ બળદેવભાઈ ચૌધરી દ્વારા સંગઠન દ્વારા થયેલ કામગીરીઓ અને સંગઠન થકી શિક્ષકોએ મેળવેલ લાભો બાબતે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી અને સાંપ્રત પ્રવાહમાં સંગઠનને વધુને વધુ મજબૂત બનાવવા માટે માર્ગદર્શન પુરું પાડવામાં આવ્યુંહતું. કાર્યક્રમની આભારવિધિ કાર્યાધ્યક્ષ પી.ટી. ઠાકોર દ્વારા કરવામાં આવી હતી અને કાર્યક્રમનું સફળ સંચાલન મહામંત્રી જગદીશભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

એક સપ્તાહમાં બે ગલુડિયાઓનું રેસ્ક્યૂ કરતું ફાયર બ્રિગેડ

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર ફાયર બ્રિગેડનો સમગ્ર સ્ટાફ અત્યંત સંવેદનશીલ છે. કેનાલમાંથી મૃતદેહ બહાર કાઢવાનો હોય કે જીવતી જાગતી ગાયને ઊંડા ખાડામાંથી બહાર કાઢવાની હોય, તો ગાંધીનગર ફાયર બ્રિગેડનો સ્ટાફ તુરંત ઘટનાસ્થળે દોડી જતો હોય છે. આવી જ સંવેદનશીલતા ફાયર બ્રિગેડની ટીમ કોઈ પ્રાણીના બચાવ કાર્ય માટે પણ દાખવે છે.

બે દિવસ પહેલાં ગાંધીનગરના ટીંટોડા ખાતે એક અવાવરૂ કૂવામાં પડી ગયેલા ગલુડિયાને ફાયરબ્રિગેડની મદદથી બચાવી લેવામાં આવ્યું હતું. ટીંટોડા ગામના કૂવામાં એક કૂતરાનું ગલૂડિયું પડી જતાં અંદર રોકકળ કરી રહ્યું હતું ત્યારે ગામના જ એક એનિમલ રેસ્ક્યુ સેવા સાથે જોડાયેલા યુવાનને તેના બચાવ માટે ફોન આવ્યો હતો પરંતુ આ

યુવાન પોતાના કોઈ અંગત કારણોસર અમદાવાદ ગયેલો હોવાથી તેણે અન્ય મિત્રોની મદદથી ફાયર બ્રિગેડનો સંપર્ક સાધ્યો હતો અને બચાવકાર્ય માટે પહોંચી જવા અનુરોધ કર્યો હતો. યુવકના અનુરોધ ઉપર ફાયરબ્રિગેડની ટીમ ટીંટોડા ગામ ખાતે પહોંચી ગઈ હતી જ્યાં તેમણે કુવામાં ઉતરીને ગલૂડિયાને બચાવી લેવાનું રેસ્ક્યુ કાર્ય હાથ ધર્યુ હતું. ફાયરબ્રિગેડની આ સંવેદનશીલ જીવદયાયુકત કામગીરીને અનુલક્ષીને ગ્રામજનો ખુશ થયાં હતાં અને ફાયર બ્રિગેડ નો આભાર માન્યો હતો.

આવો જ વધુ એક કિસ્સો બુધવારે સવારે બનવા પામ્યો હતો. ગાંધીનગરના સેકટર-૧૨ ખાતે આવેલા વિશ્વકર્મા મંદિરની નજીકમાં આવેલી ખાલી અને ખુલ્લી ગટરમાં એક ગલુડિયું પડી ગયું હતું. ઘણા લાંબા સમય સુધી ગલુડિયા એ ગટરમાંથી બહાર આવવાના પ્રયત્નો કર્યા. અનેક પ્રયત્નો છતાં નિષ્ફળતા મળતા નિરાશ થઈને ગલુડીયું ગટરમાં બેસી ગયું. આ ગલૂડિયાની સ્થિતિ જોઈને એક લાગણી સભર વ્યક્તિએ ફાયર બ્રિગેડને જાણ કરી. આ મેસેજ મળતા જ સંવેદનશીલ સ્ટાફ ગલુડિયા ને બચાવવા માટે પહોંચી ગયો હતો. જ્યાં ફાયર બ્રિગેડના જવાનો દ્વારા આ ગલૂડિયાને સંભાળપૂર્વક બહાર કાઢવામાં આવ્યું હતું.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. પટેલ લાલજીભાઈ ફતાભાઈ
  ઉ.વ. ૭૦, સેકટર-૨૯
- સ્વ. નાચી ભલાભાઈ ચીમનલાલ
  ઉ.વ. ૬૮, સેકટર-૪
- સ્વ. પંડયા પુષ્પાબેન ચંદ્રકાન્ત
  ઉ.વ. ૮૨, સેકટર-૫